# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામમાં રોકાણ સંમેલનમાં જણાવ્યું કે, વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ ભારતનો ઝડપી વિકાસ નિશ્ચિત છે.”

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ રાજ્યનાં 5 દિવસના પ્રવાસે જશે.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મધ્યપ્રદેશના ભોપાલમાં વૈશ્વિક રોકાણકાર સંમેલનના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

4) દિલ્હી વિધાનસભામાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ દિલ્હી શરાબનીતિ પર C.A.G. અહેવાલ રજૂ કર્યો.

5) પ્રયાગરાજ મહાકુંભમાં મહાશિવરાત્રિના વિશેષ સ્નાન પૂર્વે તમામ વ્યવસ્થા કરવામાં આવી.

6) મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગમા આજે દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મુકાબલો.

................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, “વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ વિશ્વના તમામ નિષ્ણાતોમાં એક વાત અંગે નિશ્ચિતતા છે અને એ ભારતના ઝડપી વિકાસની છે.” આસામના ગુવાહાટીમાં એડવાન્ટેજ આસામના બીજા તબક્કામાં રોકાણ અને માળખાગત શિખર સંમેલનના પૂર્ણ સત્રનું ઉદ્ઘાટન કરતાં શ્રી મોદીએ આ મુજબ જણાવ્યું.

શ્રી મોદીએ એડવાન્ટેજ આસામને સમગ્ર વિશ્વને દેશ સાથે જોડવાનું અભિયાન ગણાવતાં કહ્યું, “ભારતના વિકાસમાં આસામની ભાગીદારી સતત વધી રહી છે.” આજે સમગ્ર વિશ્વનો વિશ્વાસ ભારતની જનતા પર હોવાનું પણ શ્રી મોદીએ ઉંમેર્યું હતું.

## (BYTE :PM ASSAM)

સંમેલનમાં મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, એન. ચંદ્રશેખરન, અનિલ અગ્રવાલ સહિતના દેશના અગ્રણી ઉદ્યોગપતિઓએ પણ સંબોધન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, 2 દિવસના શિખર સંમેલનમાં 1 ઉદ્ઘાટન સત્ર, 7 મંત્રી સ્તરના સત્ર અને 14 વિષયના સત્ર સામેલ છે. આમાં ઔદ્યોગિક વિકાસ, વૈશ્વિક વેપાર ભાગીદારી અને આસામના જીવંત સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ-MSME ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રીત કરાયું છે. સંમેલનમાં 240થી વધુ પ્રદર્શક પણ જોડાશે

# PREZ THREE STATE VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ રાજ્યનાં 5 દિવસના પ્રવાસે જશે. તેઓ પહેલી માર્ચ સુધી બિહાર, મધ્યપ્રદેશ અને ગુજરાતનાં પ્રવાસે રહેશે. આજે સુશ્રી મુર્મૂ બિહારમાં પટના મૅડિકલ કૉલેજના શતાબ્દી સમારોહમાં ઉપસ્થિત રહેશે.

આવતીકાલે સુશ્રી મુર્મૂ મધ્યપ્રદેશમાં છતરપુરનાં ગઢામાં બાગેશ્વર જન સેવા સમિતિ દ્વારા યોજાનારા સામૂહિક વિવાહ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ આવતીકાલે જ તેઓ ગુજરાતના કેવડિયામાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી પર શ્રદ્ધાંજલિ અર્પણ કરશે અને કેવડિયામાં નર્મદા આરતીમાં પણ જોડાશે.

સુશ્રી મુર્મૂ 27 ફેબ્રુઆરીએ કેવડિયામાં એકતા કૌશલ વિકાસ કેન્દ્રની મુલાકાત લેશે. તેમ જ અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ગુરુવારે તેઓ ગાંધીનગરમાં N.F.S.U.ના ત્રીજા પદવીદાન  સમારોહમાં ઉપસ્થિત રહેશે. એ જ દિવસે તેઓ કચ્છના ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારક પણ જશે. જ્યારે એક માર્ચે સુશ્રી મુર્મૂ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે.

# AMIT SHAH BHOPAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મધ્યપ્રદેશના પ્રવાસે જશે. શ્રી શાહ આજે બપોરે ભોપાલના રાષ્ટ્રીય માનવ સંગ્રહાલયમાં યોજાનારા 2 દિવસના વૈશ્વિક રોકાણકાર સંમેલનના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. દરમિયાન શ્રી શાહ મધ્યપ્રદેશના દૂધ સંગ્રહ માટે મોટી ભેટ આપશે. સંમેલન દરમિયાન મધ્યપ્રદેશ સરકારના રાષ્ટ્રીય ડૅરી વિકાસ બૉર્ડની સાથે સમજૂતી કરાર-MOU કરાશે અને તેના માધ્યમથી સાંચી દૂધનું રાષ્ટ્રીય સ્તર પર બ્રાન્ડિંગ કરાશે.

કુશાભાઉ ઠાકરે આંતર-રાષ્ટ્રીય કન્વેન્શન સેન્ટરમાં મધ્યપ્રદેશ રાજ્ય સહકારી ડેરી મહામંડળ અને સં-લગ્ન દૂધ મંડળીઓ તેમ જ રાષ્ટ્રીય ડૅરી વિકાસ બૉર્ડ વચ્ચે સહયોગ કરાર પર હસ્તાક્ષર કરાશે.

# RBI NEW INDIA CO OPERATIVE BANK LTD

ભારતીય રિઝર્વ બેન્કે ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બેન્ક પર કેટલાક પ્રતિબંધ લગાવ્યાનાં થોડા દિવસ બાદ દરેક થાપણદારને 25 હજાર રૂપિયા સુધીની થાપણ ઉપાડવાની મંજૂરી આપી છે. આ આદેશ 27 ફેબ્રુઆરી સુધી અમલમાં રહેશે. રિઝર્વ બેન્કે જણાવ્યું કે, આ છૂટછાટથી કુલ થાપણદારોમાંથી 50 ટકાથી વધુ લોકો તેમનું સંપૂર્ણ બેલેન્સ ઉપાડી શકશે. જ્યારે બાકીના થાપણદારો તેમના ખાતામાંથી 25 હજાર રૂપિયા સુધી ઉપાડી શકે છે.

બેન્કે વહીવટ માટે સલાહકાર સમિતિનું પુનઃર્ગઠન કર્યું છે. આ સમિતિ આજથી અમલમાં આવી છે. રિઝર્વ બેન્ક ઘટનાક્રમ પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યું છે અને બેન્કના થાપણદારોના હિતમાં જરૂરી પ્રયાસ ચાલુ રાખશે. આ પહેલા બેન્કે 13 ફેબ્રુઆરીએ મુંબઈની ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ પર તમામ સમાવેશક દિશાનિર્દેશ લાગુ કર્યા હતા. બેન્કને બચત બેન્ક અથવા ચાલુ ખાતા કે થાપણદારના કોઈ પણ અન્ય ખાતામાંથી કોઈપણ રકમ ઉપાડવાની મંજૂરી ન આપવા નિર્દેશ કરાયો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DELHI ASSEMBLY-AAP MLAs SUSPENSION

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે વિધાનસભામાં રાજ્યની અગાઉની સરકારની શરાબનીતિ પર C.A.G. અહેવાલ રજૂ કર્યો.

આ અગાઉ આમ આદમી પાર્ટીના 15 ધારાસભ્યોને આજે ગેરવર્તણુંક બદલ ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઉપરાજ્યપાલ વી કે સક્સેના ગૃહને સંબોધન કરી રહ્યા હતા ત્યારે વિરોધ પક્ષના સભ્યોએ દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાની ચેમ્બરમાંથી ડોક્ટર બી આર આંબેડકર અને ભગતસિંહનાં તૈલચિત્રોને કથિત રીતે હટાવવા સામે સૂત્રોચ્ચાર કર્યો હતો. શોરબકોર વચ્ચે અધ્યક્ષ વિજેન્દર ગુપ્તાએ ગૃહને ચલાવવા વારંવાર વિનંતી કરી હતી પણ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ સુત્રોચ્ચાર ચાલુ રાખતા અધ્યક્ષે તેમને એક દિવસ માટે ગૃહમાંથી બરતરફ કર્યા હતા.

પોતાના સંબોધનમાં ઉપરાજ્યપાલે જણાવ્યું કે, દિલ્હી સરકાર નીતિ માર્ગદર્શનના દસ્તાવેજ તરીકે વિક્સિત દિલ્હી સંકલ્પ પત્રને સ્વીકારશે.

# MAHAKUMBH ARRANGEMENTS

હવે મહાકુંભના સમાચાર..

**(મહાકુંભ ઓપનિંગ મ્યૂઝિક)**

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ઐતિહાસિક મહાકુંભની આવતીકાલે મહાશિવરાત્રિએ સત્તાવાર પૂર્ણાહૂતિ થશે. આ વિશેષ દિવસે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓનાં આગમને ધ્યાનમાં રાખીને તંત્રએ વ્યાપક તૈયારી કરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર કુમાર માદંડે જણાવ્યું કે, કુંભમેળાનાં સમાપન દિવસને ભવ્ય, દિવ્ય અને યાદગાર બનાવવા તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

**(BYTE :RAVINDRAKUMAR)**

ઉલ્લેખનીય છે કે, ત્રિવેણી સંગમમાં અત્યાર સુધીમાં કુલ 62 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ પાવન ડૂબકી લગાવી છે. આવતીકાલે મહાશિવરાત્રિ પ્રસંગે શ્રધ્ધાળુઓની ભીડને નિયંત્રિત કરવા આજે સાંજે 4 વાગ્યાથી મેળા ક્ષેત્ર અને સાંજે 6 વાગ્યાથી કમિશનરેટ પ્રયાગરાજ વિસ્તારને નો-વ્હિકલ ઝોન જાહેર કરાયો છે.

**(મહાકુંભ ક્લોસિંગ મ્યૂઝિક)**

# WPL

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.ની 10મી મેચ આજે દિલ્હી કૅપિટલ્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે રમાશે. બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાનારી આ મેચ સાંજે સાડા 7 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે રોયલ ચેલૅન્જર્સ બેંગ્લુરુ- R.C.B. અને યુપી વૉરિયર્ઝ વચ્ચે બેંગ્લોરમાં રમાઈ હતી. R.C.B.એ પહેલા બેટિંગ કરી 180 રન બનાવ્યા હતા. યુપી વૉરિયર્ઝે 20 ઓવરમાં 180 રન બનાવતાં મૅચ ટાઈ રહી હતી. ત્યારબાદ સુપર ઓવર કરતા યુપી વૉરિયર્ઝે વિજય મેળવ્યો હતો.

# ICC CHAMPIONS TROPHY CRICKET

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- I.C.C.ચૅમ્પિયન્સ ટ્રૉફીની સાતમી મૅચ આજે ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે. પાકિસ્તાનના રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ બપોરે અઢી વાગ્યે શરૂ થશે.

I.C.C. ટ્રૉફીમાં ગ્રૂપ A -ની મૅચમાં ગઈકાલે ન્યૂ ઝિલૅન્ડે બાંગ્લાદેશને 5 વિકેટથી હરાવ્યું હતું. ન્યૂ ઝિલૅન્ડની જીત સાથે જ પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમ ટૂર્નામૅન્ટમાંથી બહાર થઈ ગઈ છે. જ્યારે ભારત અને ન્યૂ ઝિલૅન્ડે સેમિ-ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. દરેક ગ્રૂપમાંથી ટોચની 2 ટીમ સેમિ-ફાઈનલમાં પહોંચશે.